# આસામમાં પુરની સ્થિતિ ગંભીર : મૃતાંક ૧૧૬

મુંબઈ, તા. ૫

આસામમાં પૂરની સ્થિતિ ગંભીર બનેલી છે. મોતનો આંકડો વધીને ૧૧૬ ઉપર પહોંચી ગયો છે. ભેખડો ધસી પડવાનાં કારણે, વિજળીનાં કરંટ લાગવા અને અન્ય વરસાદ સંબંધિત બનાવોમાં આ તમામનાં મોત થયા છે. દરમિયાન બ્રહ્મપુત્ર અને અન્ય સહાયક નદીઓમાં પાણી ભયજનક સપાટીથી ઉપર છે. ભેખડો ધસી પડવાનાં કારણે ૧૬ લોકોનાં મોત થયા છે જ્યારે એકંદરે પુરમાં ૧૦૦ લોકોનાં મોત થયા છે. ૧૬ લોકો હજુપણ લાપતા દર્શાવવામાં આવ્યા છે. સત્તાવાર સૂત્રોએ કહ્યું છે કે, તાજેતરનાં સમયનાં સૌથી વિનાશક પૂરનાં કારણે ૨૨ લાખ લોકોને અસર થઈ છે. ૨૮ જિલ્લાઓ પૈકી ૨૭માં ૨૮૦૯ ગામોમાં ભારે નુકસાન થયું છે. બ્રહ્મપુત્ર અને તેની સહાયક



**વિનાશક પુરની અસર**

| | |
|---|---|
| પૂરનાં કારણે મોત | : ૧૧૬ |
| લોકોને અસર થઈ | : ૨૨ લાખ |
| જિલ્લાઓને અસર થઈ | : ૨૭ |
| ગામોને અસર થઈ | : ૨૮૦૯ |
| રાહત કેમ્પો | : ૬૨૨ |
| રાહત કેમ્પોમાં લોકો | : પાંચ લાખ |
| મેડિકલ ટીમો | : ૧૨૦ |

નદીઓમાં પાણીની સપાટી કેટલાંક જિલ્લાઓમાં ઘટી છે પરંતુ અસરગ્રસ્ત વિસ્તારોમાં પાણીની સપાટી હજુપણ ભયજનક સપાટીથી ઉપર છે. માર્ગો અને રેલવે સેવાને ઘણી જગ્યાએ અસર થઈ છે.

૨૮૪૭ જગ્યાઓ પર માર્ગોને નુકસાન થયું છે. બચાવ અને રાહત કામગીરી હજુપણ ચાલી રહી છે. પાંચ લાખ લોકો ૬૨૨ રાહત કેમ્પોમાં આશ્રય લઈ રહ્યા છે. ૧૨૦ મેડિકલ ટીમો ગોઠવવામાં આવી છે. જે જિલ્લાઓમાં સૌથી વધુ અસર થઈ છે તેમાં ધેમાજી, ડિબ્રુગઢ, શિવસાગર, સોનીતપુર, તીનસુકીયા, લખીમપુર, નાલબેરીનો સમાવેશ થાય છે. આસામ માટે ૫૦૦ કરોડનું પેકેજ વડાપ્રધાન મનમોહનસિંહ જાહેર કરી ચૂક્યાં છે. આગામી દિવસોમાં વધુ સહાયતાની જાહેરાત પણ કરવામાં આવી શકે છે.

# અભિનેત્રી લેલા ખાનની પરિવાર સાથે ક્રૂર હત્યા

મુંબઈ, તા. ૫

ફિલ્મ અભિનેત્રી લેલા ખાનના રહસ્યમય સંજોગોમાં લાપતા થઈ જવાના કેસ મુખ્ય આરોપી પરવેઝ ઈકબાલ ટાકે કબુલાત કરી છે કે પાકિસ્તાનની મુળની બોલિવુડ અભિનેત્રી લેલા ખાનની સમગ્ર પરિવાર સાથે હત્યા કરી દેવામાં આવી છે. સુત્રોના જણાવ્યા મુજબ લેલાના નજીકી પરવેઝ ટાકે મુંબઈ પોલીસને આ મુજબના માહિતી આપી છે. જમ્મુ કાશ્મીર પોલીસમાં સુત્રોએ કહ્યું છે કે મુંબઈ પોલીસને આ અંગેની માહિતી આપી દેવાઈ છે.

મુંબઈ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ મામલામાં આતંકવાદીઓની મદદ કરનાર પાકિસ્તાની મુળની બોલિવુડ અભિનેત્રી લેલાખાનની તેના પરિવારની સાથે હત્યા કરી દેવા આવી હોવાની કબુલાત ટાકે કરતા છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. લેલા ખાન છેલ્લા ૧૧ મહિનાથી લાપતા દર્શાવવામાં આવી હતી. લેલા અને તેના પરિવારના મામલામાં રાજ્ય



આતંકવાદ વિરોધી ટીમ તપાસ કરી રહી હતી. મુંબઈ ક્રાંઈમ બ્રાંચે ટાક સામે અપહરણનો કેસ દાખલ કર્યો છે. ટાક અન્ય કેસના સંબંધમાં હાલ જમ્મુ કાશ્મીર પોલીસની કસ્ટડીમાં છે. જમ્મુ કાશ્મીર પોલીસના ડોડા રામબાણ રેન્જના ડીઆઈજી ગરીબદાસે કહ્યું છે કે લેલાના પરિવારના સભ્યોની ગયા વર્ષે ફેબ્રુઆરીમાં હત્યા કરી દેવામાં આવી હતી. દાસે કહ્યું હતું કે ગોળીબાર દરમિયાન તેની હત્યા કરવામાં આવી હતી. કોઈના પણ મૃતદેહ હાથ લાગ્યા નથી. જેથી માહિતી જાહેર કરવી યોગ્ય ન હતી કારણ કે આનાથી તપાસને અસર થઈ શકે છે. પુછપરછ કરનામાં મુંબઈ પોલીસ ક્રાંઈમ બ્રાંચના અધિકારીઓ પણ સામેલ હતા. અગાઉ કેટલાક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે લેલા દુબઈમાં છે પરંતુ આને સમર્થન મળી રહ્યું ન હતું.

ટાકે કહ્યું છે કે લેલાની સાથે તેના ભાઈ, બહેન અને એક કઝીન બહેનની પણ હત્યા કરી દેવામાં આવી હતી. જો કે પોલીસે હજુ સુધી કોઈપણ પ્રકારનો ખુલાસો કર્યો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાની અભિનેત્રી લેલાખાન ઘણા દિવસ સુધી બોલિવુડમાં સક્રિય રહી હતી. લેલાએ વર્ષ ૨૦૦૮માં રાજેશ ખન્નાની ફિલ્મ વફામા ભુમિકા ભજવી હતી. લેલા અચાનક એક દિવસ પરિવાર સાથે લાપતા થઈ ગઈ હતી ત્યારબાદ પોલીસને તેની ગાડી કાશ્મીરમાં મળી આવી હતી. ત્યારથી જ એવી શંકા હતી કે લેલા મુંબઈ બોમ્બ બ્લાસ્ટમાં આતંકવાદીઓની મદદગાર હોઈ શકે છે. ત્યારથી જ પોલીસે આ મામલામાં તપાસ હાથ ધરી હતી. લેલા અને તેની માતા સલીના પર આતંકવાદી સંગઠન લશ્કરે તોઈબા સાથે સંબંધ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. લેલાખાનની આઉટલન્ડર કારનો ઉપયોગ જ દિલ્હી હાઈકોર્ટની બહાર થયેલા બ્લાસ્ટમાં પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત મુંબઈમાં જુલાઈ ૨૦૧૧માં થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ બ્લાસ્ટ પહેલા આતંકવાદીઓ આ કારનો ઉપયોગ કરીને જ જુદા જુદા ટાર્ગેટ શોધી કાઢ્યા હતા. આતંકવાદીઓ જ આ કાર મારફતે રેકી કરી હતી. પાકિસ્તાની અભિનેત્રીની હત્યા અંગે વધુ માહિતી મળી શકી નથી. લેલા ખાનનું વાસ્તવિક નામ રેશ્મા પટેલ છે. ચોથી ફેબ્રુઆરી ૨૦૧૧ના દિવસે જ હત્યા કરવામાં આવી હોવાની બાબત ખૂબ મોડેથી જાહેર થઈ છે. જો કે પોલીસ હજુપણ આને સમર્થન આપી રહી નથી. પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવતા પરવેઝ ટાકે આ મુજબની માહિતી આપી છે. ટાકનું કહેવું છે કે લેલા અને તેના પરિવારના સભ્યોની હત્યા નાણા અને કરોડો રૂપિયાની પ્રોપર્ટી માટે કરવામાં આવી હતી. પૂછપરછમાં પરવેઝ ટોકે કહ્યું છે કે આતંકવાદી સંગઠનો સાથે લેલા સંબંધ હતા.

આ વર્ષે ૨૮મી મેના દિવસે કિસ્તવારમા તેની ગાડી મળી આવી હતી. સાતમી જુનના દિવસે મહારાષ્ટ્ર એટીએસ અને જમ્મૂ કાશ્મીર પોલીસની ટીમે લેલા અને તેના પરિવારના દસ્તાવેજો શોધી કાઢ્યા હતા.

# આદર્શ કૌભાંડ : હવે ઈડી દ્વારા કેસમાં તપાસ ઝડપી બનાવાઈ

મુંબઈ, તા. ૫

સનસનાટીપૂર્ણ આદર્શ કૌભાંડમાં તેની પ્રથમ ચાર્જશીટ સીબીઆઈએ દાખલ કરી દીધાં બાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ઈડી) તેની તપાસને વધુ તીવ્ર બનાવવા નિર્ણય કરી લીધો છે. એન્ટી મનીલોન્ડરીંગ એજન્સીનાં સૂત્રોએ આ મુજબની માહિતી આપી છે. ઈડીમાં સૂત્રોએ કહ્યું છે કે, અમે ચાર્જશીટ દાખલ કરવા માટે રાહ જોઈ રહ્યાં છીએ. અમે સંપૂર્ણ તપાસ સાથે આગળ વધી રહ્યાં છે. હાઉસિંગ કૌભાંડમાં રહેલી ખામીઓ ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. પ્રવેન્શન ઓફ મનીલોન્ડરીંગ એક્ટ હેઠળ કોઈ કેસ બને છે કે કેમ તેમાં તપાસ કરવામાં આવી રહી છે. અત્રે નોંધનીય છે કે, સીબીઆઈએ ગઈકાલે જ મહારાષ્ટ્રનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણ, કેટલાંક નિવૃત્ત આર્મીઓફિસરો અને કેસમાં અધિકારીઓ સહિત ૧૩ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી હતી. સૂત્રોનું કહેવું છે કે, અમે ચાર્જશીટની રાહ જોઈ રહ્યા હતાં કારણ કે સીબીઆઈ આ કેસ પહેલાં દાખલ કરી ચૂકી છે. સીબીઆઈએ તેમની ચાર્જશીટમાં કહ્યું છે કે, અશોક ચવ્હાણ પણ ૩૧ માળનાં ટાવરમાં એક બેનામી ફ્લેટ ધરાવે છે. આ ૩૧ માળની ઈમારત દક્ષિણ મુંબઈમાં કોલાબા ખાતે આવેલી છે. સીબીઆઈ દ્વારા આદર્શ સોસાયટીનાં ૧૦૩ ફ્લેટ પૈકી ૨૪ સાથે સંબંધિત બેનામી લેવડદેવડમાં તપાસ કરવામાં આવી રહી છે. સીબીઆઈનું કહેવું છે કે, આ ફ્લેટનાં વાસ્તવિક માલિકોની ઓળખ કરવામાં આવી રહી છે.

# જંતરમંતર પર ભ્રષ્ટાચાર સામે અચોક્કસ મુદતનાં આંદોલન માટે ટીમ અણ્ણાને પરવાનગી આપવાનો દિલ્હી પોલીસનો ઈનકાર

નવીદિલ્હી, તા.૫

ઐતિહાસિક જંતરમંતર પર ભ્રષ્ટાચાર સામે અચોક્કસ મુદતનાં આંદોલન માટે ટીમ અણ્ણાને પરવાનગી આપવાનો દિલ્હી પોલીસે ઈન્કાર કરતાં આજે ટીમ અણ્ણાને મોટો ફટકો પડ્યો હતો. ટીમ અણ્ણા યુપીએ સરકાર પર દબાણ લાવવાની યોજના ધરાવતી હતી. દિલ્હી પોલીસે ઈન્કાર કર્યો હોવા છતાં ટીમ અણ્ણા લડાયક મૂડમાં છે અને સાફ શબ્દોમાં કહ્યું છે કે, ૨૫ જુલાઈથી સુચિત આંદોલન સાથે આગળ વધવામાં આવશે. અગાઉ દિલ્હી પોલીસે સુચિત આંદોલનની અવધિ ઘટાડી દેવા દિલ્હી પોલીસે ટીમ અણ્ણાને કહ્યું હતું.





આગામી ૨૫મીથી જંતરમંતર અન્નાની અરજીને મંજૂરી આપવાનો દિલ્હી પોલીસે ઈનકાર કરતાં કહ્યું હતું કે, સંસદનું ચોમાસુ સત્ર તે વખતે ચાલુ હોવાથી તે સમયે ધરણાને મંજૂરી આપવી યોગ્ય નથી. વડાપ્રધાન ડૉ. મનમોહનસિંઘ અને તેમના કેબિનેટના ૧૪ મંત્રીઓ વિરુદ્ધ થયેલા ભ્રષ્ટાચારોના આક્ષેપોની તપાસ માટે ખાસ તપાસદળ રચવાનો ઈનકાર અને મજબૂત લોકપાલ બિલ લાવવામાં સરકારની નિષ્ફળતા તેમજ ભ્રષ્ટાચારના મુદ્દે ટીમ અણ્ણાએ અચોક્કસ મુદતના અનશન કરવાની જાહેરાત કરી છે. ટીમ અણ્ણાને પાઠવેલા પત્રમાં દિલ્હી પોલીસે કહ્યું છે કે મોટી સંખ્યામાં સંગઠનો જંતરમંતર પર સમગ્ર વર્ષ દરમ્યાન ધરણાં પ્રદર્શન યોજે છે. પરંતુ ઉપવાસના પ્રસ્તાવિત સમયગાળા દરમિયાન સંસદનું ચોમાસુ સત્ર તે વખતે ચાલુ હશે. આ ઉપરાંત તે સમયે વિવિધ સંગઠનોએ પણ ધરણાં યોજવાની મંજૂરી માંગી છે. આ સ્થળ મર્યાદિત ક્ષમતા ધરાવે છે. જેથી દરેકને જગા ફાળવવી જરૂરી છે. દરેક સંગઠનોને મર્યાદિત સંખ્યામાં સમર્થકો સાથે ધરણાં યોજવાની મંજૂરી અપાઈ છે. ક્ષમતા કરતાં વધુ લોકો એકઠાં થાય તો દુર્ઘટના બનવાની શક્યતા વધી જાય છે. આ ઉપરાંત સુરક્ષાનો મુદ્દો પણ ઉભો થાય. પત્રમાં સ્પષ્ટ ઉલ્લે કરાયો છે કે જંતરમંતર મુખમાર્ગ હોવાથી તેને લાંબો સમય રાખી ન શકાય. જેથી ૨૫ જુલાઈથી ૮ ઓગસ્ટ સુધી અનશનને મંજૂરી અપાય તેમ નથી.

# મુંબઈમાં ભારે વરસાદ જારી રહેતાં જનજીવન ઠપ્પ

મુંબઈ-નવી દિલ્હી, તા. ૫

વાણિજ્ય પાટનગર મુંબઈમાં સતત બીજા દિવસે ભારે વરસાદ આજે જારી રહ્યો હતો. બીજી બાજુ ઉત્તર ભારતમાં વરસાદની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે. ઉત્તર ભારતના ઘણા ભાગોમાં વીજળીની કટોકટી ઊભી થઈ ગઈ છે. આજે સવારે મુંબઈમાં ભારે વરસાદ જારી રહ્યો હતો જેથી તાપમાનમાં પણ ઉલ્લેખનીય રીતે ઘટાડો થયો છે. બીજી બાજુ ભારે વરસાદના કારણે વેસ્ટન લાઈનમાં લોકલ ટ્રેનની સેવા ખોરવાઈ ગઈ હતી. લોકલ ટ્રેનની સેવા ખોરવાતા લોકોને સવારમાં મુશ્કેલીનો સામવનો કરવો પડ્યો હતો. ભારતીય હવામાન વિભાગે કહ્યું છે કે આગામી ૨૪ કલાકમાં મુંબઈમાં અતિ ભારે વરસાદ થઈ શકે છે. મહાનગરમાં નીચાણવાળા વિસ્તારોના નિવાસીઓ



પાણી ભરાઈ જવાના કારણે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. દાદર, પારેલ, હિંદમાતા અને સિયોન જેવા વિસ્તારોમાં સૌથી મુશ્કેલી સર્જાઈ છે.

ભારે વરસાદના કારણે અંબરનાથમાં એક મકાન ધારાશાયી થતાં આઠ લોકોને ઈજા થઈ હોવાની માહિતી મળી છે. એકબાજુ મુંબઈમાં ભારે વરસાદ થઈ રહ્યો છે ત્યારે બીજી બાજુ ઉત્તર ભારતમાં સ્થિતિ ગંભીર બની ગઈ છે. જો કે મોનસૂન આગળ વધીને ઉત્તર પ્રદેશના પાટનગર લખનૌમાં પહોંચતા અહીંના લોકો અને ખેડૂતોને રાહત થઈ છે. શનિવાર સુધી મોનસૂન દિલ્હી પહોંચે તેવી શક્યતા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે દિલ્હી-અમસીઆર પ્રદેશમાં ૩-૪ દિવસમાં મોનસૂની વરસાદ થશે. જો કે મોનસૂન પૂર્વેના વરસાદી ઝાપટા દિલ્હી, પંજાબ, હરિયાણા સહિત ઉત્તર ભારતમાં ઘણા વિસ્તારોમાં આગામી ૨૪ કલાકમાં થઈ શકે છે.

દરમિયાનમાં કેટલાક રાજ્યોમાં વીજળીની ગંભીર કટોકટી ઊભી થઈ ગઈ છે. પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં વીજકાપની ફરજ પડી રહી છે. હજુ સુધી મોનસૂની વરસાદ ૩૦ ટકા ઓછો રહ્યો છે. આંકડા દર્શાવે છે કે પંજાબ અને હરિયાણા જેવા અનાજના ભંડાળ સહિત દેશના ૮૨ ટકા વિસ્તારોમાં વરસાદ સરેરાશ કરતા ઓછો થયો છે. બુધવાર સુધી મોનસૂનની શરૂઆત થયાના બાદથી ૧૯૭.૭ એમએમ સામાન્ય વરસાદની સામે સમગ્ર દેશમાં હજુ સુધી માત્ર ૧૩૭.૮ એમએમ થયો છે.

# શ્રદ્ધાળુ હવે બીજી વાર કૈલાશ માનસરોવર યાત્રા કરી શકશે

અમદાવાદ, તા. ૫

બીજી વખત કૈલાશ માનસરોવરની યાત્રા કરવા ઈચ્છતા શ્રદ્ધાળુઓ માટે સારા સમાચાર છે. કારણ કે સરકારે એક વખત જઈ ચુકેલા શ્રદ્ધાળુઓને બીજી વખત તક આપવાનો નિર્ણય કર્યો છે. એક વખત જઈ ચુકેલા શ્રદ્ધાળુઓને બીજી વખત તક નહી આપવાના નિર્ણયને ભારત સરકારે



બદલી દીધો છે. વિદેશ મંત્રાલય દ્વારા હવે આ મામલે યુટર્ન લઈને અગાઉના નિર્ણયને ફેરવી કાઢ્યો છે. એક વખત જઈ ચુકેલા શ્રદ્ધાળુઓને હવે બીજી વખત પણ તક આપવામાં આવશે. આનાથી કૈલાશ માનસરોવર જવા ઈચ્છુક શ્રદ્ધાળુઓને વધુ તક મળી શકે છે. ૨૫૧ યાત્રીઓની ઈન્તજાર યાદી જાહેર કરવામાં આવી ચુકી છે. આ યાત્રીઓ ૧૧થી ૧૬ બેચમાં હશે. વાર્ષિક માનસરોવર યાત્રાને લઈને શ્રદ્ધાળુઓમાં પહેલાથી જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પસંદગીની અરજીઓમાં ટેલિફોન દ્વારા સંપર્ક કરવામાં આવી રહ્યો છે. સાથે સાથે તેમની ભાગીદારીને લઈને પાકી માહિતી એકત્રીત કરવામાં આવી રહી છે. ૧૦મી જુલાઈ સુધી પાંચ હજાર રૂપિયાની ફી સાથે સ્વીકારપત્ર જમા કરાવવા જરૂરી સુચના અપાઈ છે. વિદેશ મંત્રાલયના અધિકારીએ એક અંગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે અગાઉ અમે એક વખત જઈ આવેલા શ્રદ્ધાળુઓને બીજી વખત તક નહીં આપવાનો નિર્ણય કર્યો હતો પરંતુ હવે આ નિર્ણયને ફેરવી દેવામાં આવ્યો છે. કુમાવ મંડલ વિકાસ નિગમના સિનિયર મેનેજરે પણ કહ્યું છે કે યાત્રીઓને તમામ સુવિધા આપવામાં આવી રહી છે. આ યાત્રામાં ગુજરાતીઓની સંખ્યા પણ મોટી હોય છે. તેમની સંખ્યા કુલ શ્રદ્ધાળુઓ પૈકી ૨૫થી ૩૦ ટકાની આસપાસ હોય છે. શ્રદ્ધાળુઓનું કહેવું છે કે વિદેશ મંત્રાલયનું આ નિર્ણય સ્વાગતરૂપ છે.

# આઈટી અને ટેકનોલોજીની કંપનીઓમાં સંકટનાં વાદળ

બેંગ્લોર, તા.૫

આઈટી અને ટેકનોલોજી સાથે સંબંધિત મોટી કંપનીઓ હાલમાં તેમની સિનિયર મેનેજમેન્ટની જગ્યાઓ ભરવામાં ઝડપ દર્શાવી રહી નથી. જે સાબિત કરે છે કે બિઝનેસમાં હાલ મંદીનું સંકટ પ્રવર્તિ રહ્યું છે. આજ કારણસર જગ્યાઓને ભરવામાં ઉદાસીનતા દર્શાવવામાં આવી રહી છે. સિનિયર મેનેજમેન્ટ પોઝિશનને ભરવામાં ૬થી ૮ મહિનાનો સમય લાગી રહ્યો છે. જે સંકેત આપે છે કે બિઝનેસની ગતિ ધીમી છે. મેનેજમેન્ટને જગ્યાઓ ભરવામાં કોઈ ઉતાવળ નથી. સારા સમયમાં આ ખાલી જગ્યાઓ બેથી ત્રણ મહિનાઓમાં ભરી કાઢવામાં આવતી હતી જેના બદલામાં હવે ૬થી ૮ મહિના સુધી જગ્યા ભરાઈ રહી





નથી. કર્મચારીઓ પણ માને છે કે આર્થિક મંદીની સ્થિતિ છે. કેટલાક કુશળ લોકોને તાત્કાલિક ધોરણે લેવામાં આવી રહ્યા છે. ટેકનોલોજી સાથે સંબંધિત કંપનીઓનું કહેવું છે કે કંપનીઓ સિનિયિર સ્તરની જગ્યાઓ ભરવા હાલ ઉદાસીન છે કારણ કે બજારમાં સ્થિતિ સારી દેખાઈ રહી નથી. પ્રવાહી આર્થિક સ્થિતિ આના માટે મુખ્ય કારણરૂપ છે. ડીએચઆર ઈન્ટરનેશનલના નિષ્ણાંતોનું કહેવું છે કે કંપનીઓ વર્તમાન આર્થિક સ્થિતિમાં વધારે પારદર્શક પણ બની ગઈ છે. આઈટી કંપનીઓ જ નહી બલ્કે અન્ય ક્ષેત્રો સાથે સંકળાયેલી કંપનીઓ પણ હાલમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. કંપનીઓ માટે હાલ ચિત્ર નિરાશાજનક બનેલુ છે.

# જંગી દેવું થઈ જતાં માલ્યાની સંપત્તિની હરાજી થઈ શકે છે

નવી દિલ્હી, તા.૫

નાણાંકીય કટોકટીનો સામનો કરી રહેલાં કિંગફિશર એરલાઈન્સનાં મેનેજમેન્ટ અને ૧૭ બેંકોનાં બનેલાં કન્સોર્ટિયમની બેઠક કોઈ પરિણામ ઉપર પહોંચવામાં નિષ્ફળ ગઈ હતી. આ ૧૭ બેંકો કિંગફિશર પાસે ૭૫૦૦ કરોડ રૂપિયા માંગે છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનાં હેડક્વાર્ટસ ખાતે આ મિટિંગ યોજાઈ હતી જેમાં મોટાભાગનાં બેંકોના વડાઓ અને કિંગફિશરનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. બેંકિંગ સૂત્રોનાં જણાવ્યા મુજબ ૧૭ બેંકોએ લોનનાં મામલે ચર્ચા કરી હતી. બીજીબાજુ મિટિંગ નિષ્ફળ રહ્યા બાદ બેંકોએ વિજય માલ્યાની સંપત્તિનું વેચાણ કરવાનાં ઈરાદાથી મુંબઈ અને ગોવા વિલાની કિંમત કેટલી છે તે મામલામાં ચકાસણી પણ હાથ ધરી છે.



આર્થિક કટોકટી સામે ઝઝૂમી રહેલ દેશની ખાનગી વિમાની કંપની કિંગફિશર એરલાઈન્સને આજે મોટો ફટકો પડ્યો હતો. બેંકે આજથી કંપની વિરુદ્ધ નાણાંકીય વસૂલાત ઝુંબેશ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ બેંકરોએ કિંગફિશરની અસ્થાવર મિલકતોને વેચી મારવાનો નિર્ણય કર્યો છે. જેમાં મુંબઈ સ્થિત કિંગફીશર હાઉસ અને ગોવા સ્થિત કંપનીના માલિક વિજય માલ્યાના 'વિલા'નો પણ સમાવેશ થવા જાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો નેતૃત્વ હેઠળ યોજાયેલ વિવિધ બેંકોના જૂથની યોજાયેલી બેઠકમાં ઉપરોક્ત નિર્ણય લેવામાં આવ્યો છે. સવારે યોજાયેલી બેઠકમાં વિમાની કંપનીની નાણાંકીય સ્થિતિ અંગે ચર્ચા થઈ હતી. એસબીઆઈના જણાવ્યા અનુસાર કિંગ ફિશરની મિલકતોના વેચાણથી લેણદારોને અંદાજે ૧૩૫ કરોડ રૂપિયા મળશે. આ ઉપરાંત કંપનીને આગામી ૧૫ દિવસમાં ઓપરેશનલ વ્યવસ્થા સુધારવા પગલાં લેવા સૂચન કરાયું છે. જો કે કિંગફિશરે આ અહેવાલને રદિયો આપ્યો છે. કિંગફિશરે એક નિવેદનમાં કહ્યું હતું કે, મીડીયામાં આવેલા અહેવાલો તદ્દન પાયાવિનાના અને ગેરમાર્ગે દોરનારા છે. બેંકોએ નાણાંકીય વસૂલાત ઝુંબેશ શરૂ કર્યાના અહેવાલ પણ તદ્દન ખોટા છે. આજે યોજાયેલી બેઠકમાં કોઈ નિર્ણય કરાયો નથી. મુંબઈ સ્થિત કિંગફિશર હાઉસ પહેલાંથી જ ખાલી છે.

# સ્થાનિક વિમાની યાત્રા વધુ મોંઘી થશે : ૨૨૫નો ચાર્જ

નવીદિલ્હી, તા. ૫

વારંવાર વિમાનની યાત્રા કરતાં યાત્રીઓને વધુ તકલીફ પડવાનાં સંકેતો દેખાય રહ્યા છે કારણ કે સ્થાનિક યાત્રી ભાડામાં વધારો થઈ શકે છે. ઉંચા ભાડાનાં કારણે પરેશાન થયેલાં સ્થાનિક વિમાની પ્રવાસીઓને હવે વધુ નાણાં ચૂકવવા પડશે કારણ કે ટ્રાવેલ એજન્ટોએ ૧૬ જુલાઈથી ફુલસર્વિસ કેરિયરોનાં કસ્ટમર પર રૂપિયા ૨૫૦૦નો સર્વિસચાર્જ લાગુ કરવાનો નિર્ણય કર્યો છે. એરઈન્ડિયા અને જેટ એરવેઝ જેવી ફુલસર્વિસ કેરિયરોએ ટ્રાવેલ એજન્ટો અને પોર્ટલને ચુકવવામાં આવતાં કમિશનને ત્રણ ટકાથી વધારીને એક ટકા કરી દીધાં બાદ સર્વિસચાર્જમાં વધારો કરવામાં આવી રહ્યો છે. નુકસાનને પહોંચી વળવા એજન્ટો યાત્રીઓ પર સર્વિસ ફી લાગુ કરશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, તમામ એજન્ટો, ઓનલાઈન અને ઓફલાઈન ફુલસર્વિસ કેરિયરનાં દરેક કસ્ટમર પર રૂપિયા ૨૫૦૦ની સર્વિસ ફી લાગુ કરવા તૈયારી બતાવી છે, આનો મતલબ એ થયો કે વિમાની યાત્રીઓને વધુ નાણાં ચૂકવવા પડશે. એજન્ટોનું કહેવું છે કે, આંતરરાષ્ટ્રીય મુસાફરીમાં પણ વિદેશી એરલાઈન્સોએ એજન્ટ કમિશનમાં ઘટાડો કર્યો છે. આ અંતર હવે પ્રવાસીઓ પર લાગુ કરવામાં આવશે. યાત્રીઓ પાસેથી સર્વિસ ચાર્જ લેવામાં આવશે. હાલમાં એરઈન્ડિયા ટિકીટ વિતરણ પર વાર્ષિક ૧૦૦૦ કરોડ ખર્ચ કરે છે જેમાં એજન્ટ કમિશન અને રિઝર્વેશન સિસ્ટમનાં ઉપયોગ માટે ફીનો સમાવેશ થાય છે.

# ઉત્તરાખંડમાં ચારધામ યાત્રાને માઠી અસર

ગોપેશ્વર, તા. ૫

ઉત્તરાખંડમાં ચમોલી નજીક ભારે વરસાદ બાદ ભેખડો ધસી પડતાં એક રિસોર્ટને નુકસાન થયું છે. રિસોર્ટમાં રહેતી એક મહિલા શ્રદ્ધાળુનું કાટમાળમાં દટાઈ જવાથી મોત થયું છે. આ બનાવ આજે વહેલી પરોઢે બે વાગે બન્યો હતો. બનાવ બન્યો ત્યારે રિસોર્ટમાં પ્રવાસી ઊંઘી રહ્યા હતા. રિસોર્ટનો એક હિસ્સો કાટમાળ હેઠળ ફસાઈ ગયો હતો. તેના પરિવારના સભ્યોને બચાવી લેવામાં તંત્રને સફળતા મળી હતી. કાટમાળ હેઠળ અન્ય લોકો ફસાયેલા હોવાની વાત પણ મળી છે. બદ્રીનાથ હાઈવે ઉપર તપોવન રિસોર્ટ નામથી ઓળખાતા આ પ્રવાસી યાત્રી નિવાસ ઉપર પહાડીથી એક ભેખડ ધસી પડતા આ બનાવ બન્યો હતો. બનાવ



બનતાની સાથે જ શ્રદ્ધાળુઓને ઝડપથી બહાર કાઢી લેવામાં આવ્યા હતા. રિસોર્ટ નજીક એક કેમ્પને પણ નુકશાન થયું છે. બદ્રીનાથ રાજમાર્ગ ઉપર ટ્રાફીક જામની સ્થિતિ સર્જાઈ હતી. આના કારણે ચારધામની યાત્રાને માઠી અસર થઈ છે. સત્તાવાર સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે ભેખડો ધસી પડવાના કારણે એક હોટલને પણ નુકશાન થયું છે ચાર લોકોને ઈજા થઈ છે. આસપાસના ઘણા મકાનોને પણ નુકશાન થયું છે. આજ જિલ્લામાં પિરાહીમાં પણ ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. જેના લીધે રિશીકેશથી કેદારનાથ અને બદરીનાથ તરફ જતા રાજમાર્ગને કામચલાઉ ધોરણે બંધ રાખવાની ફરજ પડી છે.

બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમનોત્રીની યાત્રાને લોકપ્રિય રીતે ચારધામની યાત્રા તરીકે ગણવામાં આવે છે. અહીં મોટી સંખ્યામાં બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી છે. ભેખડો ધસી પડવાના કારણે હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અટવાઈ પડયા છે.

છ મહિના લાંબી ચારધામની યાત્રાની સીજન ગંગોત્રી અને યમનોત્રી સાથે શરૂ થાય છે. આ યાત્રા ૨૪મી એપ્રિલે શરૂ થઈ હતી. જ્યારે બદરીનાથના દ્વારા ૨૮મી એપ્રિલે ખુલ્યા હતા. કેદારનાથ મંદિરના દ્વારા આગામી દિવસે ખુલ્યા હતા. ચારધામની યાત્રા ખાતે હાલ હવામાનની સ્થિતિ સાનુકુળ દેખાઈ રહી નથી.